કેસ રજુ તારીખ :– ૧૦ / ૦૨ / ૨૦૨૬,
કેસ દાખલ તારીખ :– ૧૦ / ૦૨ / ૨૦૨૬,
કેસ નિર્ણિત તારીખ :– ૧૩ / ૦૩ / ૨૦૨૬,
અવધી સમય :– ૦ વર્ષ ૧ માસ ૦૩ દિવસ.

# વિસાવદરના ચોથા એડીશનલ સેસન્સ જજ ની કોર્ટ સમક્ષ, મુ.વિસાવદર

ફોજદારી પરચુરણ અરજી નં.૪૨/૨૦૨૬

આંક–

**અરજદાર :** સંજયભાઈ હરજીભાઈ સાકરીયા
ઉ.વ.આ.૪૫, ધંધોઃ કોન્ટ્રાકટર
રહે. 'બાલાજી' અર્જુન પાર્ક, નાના મવા મેઈન રોડ,
એસ.બી.આઈ. બેંકવાળી શેરી,
રાજકોટ.

વિરૂધ્ધ :–

**સામાવાળા :** શ્રી સ ર કા ર,
સમન્સ થ્રુ : સરકારી વકીલ, વિસાવદર ::

**ક્રીમીનલ પ્રોસીઝર કોડ કલમ–૪૩૯(૨) અન્વયે શરત રદ કરવા વિકલ્પે પરદેશ જવા પરવાનગી આપવા બાબત.**

અરજદાર તરફે : વિ.વ. શ્રી આર.બી.પરમાર
સામાવાળા તરફે : વિ.એડી.પીપી.શ્રી વી.એન. માઢક

**–: ચૂ કા દો :–**

1. હાલની આ અરજીથી અરજદાર/આરોપી ધ્વારા ક્રી.પ્રો. કોડની કલમ – ૪૩૯(૨) મુજબ જામીન ની શરત નં.૩ રદ કરવા વિકલ્પે ભારત દેશની હદ છોડવા પરવાનગી આપવા અરજ ગુજારેલ છે.

2. હાલના અરજદાર/આરોપી સામે ભેસાણ પોલીસ સ્ટેશન ગુના રજી. નં.૧૧ ૨૦૩૦૦૭૨૧૦૨૯૦/૨૧ થી ભારતીય દંડ સંહીતાની કલમઃ ૩૦૬, ૧૧૪ અન્વયેની ફરીયાદ દાખલ થતાં, જેમાં તપાસ કરનાર અધિકારી ધ્વારા તપાસના અંતે આરોપી સામે ચાર્જશીટ દાખલ કરેલ છે. જે કામ કમીટ થઈને આવતા અત્રેની અદાલતમાં સેશન્સ કેસ નં. ૧૫/૨૦૨૩ થી પેન્ડીંગ છે. અરજીની વિગતે અરજદાર/આરોપી ધ્વારા કરવામાં આવેલ આગોતરા જામીન મંજુર થયેલ. જેમાં શરત નં.૩ મુજબ આરોપીને કોર્ટ પરવાનગી વિના ગુજરાત રાજયની હદ છોડી શકશે નહી. અરજી મુજબ આરોપીએ આજદીન સુધી કોઈ શરતો નો ભંગ કરેલ નથી કે ગુજરાત બહાર ગયેલ નથી. પરંતુ અરજદારના પુત્ર હિત સંજયભાઈ સાકરીયા કે જેઓ લંડન સાઉથ બેંક યુનીવર્સીટીમાં

બી.એ. ઓનર્સનો બીઝનેશ મેનેજમેન્ટનો બે વર્ષનો કોર્સ કરેલ છે. જયાં વાલી મીટીંગ હોય વિધાર્થીના વાલી  તરીકે અરજદારનુ હાજર રહેવુ ફરજીયાત હોવાનુ જણાવેલ છે. આ ઉપરાંત અરજદાર/આરોપીના પુત્રનો યુનીવર્સીટીમાં સન્માન સમારોહ હોય, વાલી તરીકે અરજદારનુ હાજર રહેવુ જરુરી હોય, તા. ૦૧/૦૩/૨૦૨૬ થી તા. ૦૧/૦૭/૨૦૨૬ સુધી ગુજરાત રાજય છોડવા તથા ભારત દેશની બહાર જવા પરવાનગી માંગતી અરજી રજુ રાખેલ છે. અરજી મુજબ સદર કામ ચાર્જ ફ્રેમ થવા પર છે. પરંતુ નામ. ગુજરાત હાઈકોર્ટમાં કોઝીન પીટીશન પેન્ડીંગ હોય કેસના ગુણદોષને ધ્યાને લીધા વિના શરત નં. ૩ માંથી ટેમ્પરેરી મુકિત આપવા વિકલ્પે શરત રદ કરવા વિકલ્પે ભારત છોડવા પરવાનગી આપવા રજુઆત કરેલ છે કે આરોપી રાજકોટ મુકામે કાયમી રહેણાંક ધરાવે છે, સ્થાવર જંગમ મિલ્કત ધરાવે છે અને કયાંય નાસીભાગી જાય તેમ નથી. જેથી અરજી મંજુર કરવા અરજ ગુજારેલ છે.

3. અરજી સાથે એફ.આઈ.આર.ની નકલ તથા અગાઉ જે આગોતરા જામીનના કારણે આરોપીને જામીનમુકત કરવામાં આવેલ છે તેની નકલ સામેલ રાખેલ છે. અત્રેની અદાલત ધ્વારા આંક–૧ લગત કરેલ હુકમ અનુસંધાને આરોપી ધ્વારા આજરોજ આંક–૯  થી સોંગંદનામુ કરી હાઈકોર્ટની કવોશીગ પીટીશનના કામે કોઈ સ્ટે કે સમય મર્યાદાનો હુકમ કરેલ નથી. તેમ જાહેર કરેલ છે. સાથે નામ. ગુજરાત હાઈકોર્ટનુ સ્ટેટસ તથા છેલ્લામાં છેલા હુકમ તરીકે તા. ૨૬/૦૮/૨૫ નો નામ.ગુજરાત હાઈકોર્ટનો હુકમ રજુ  રાખેલ છે.

4. આ અરજી દાખલ થતાં સામાવાળા શ્રી સરકારને નોટીસ કરવામાં આવેલ છે. સામાવાળા શ્રી સરકાર તરફે એડી.પી.પી. શ્રી વી.એન. માઢક હાજર થયેલ છે. ત.ક. અધિકારી હાજર થયેલ છે અને આંક–૭ થી અભીપ્રાય રજુ રાખેલ છે.  જેમાં આરોપીની અરજી મંજુર કરવામાં આવે તો ટ્રાયલ દરમયાન રહેશે નહી અને નાસી ભાગી જાય તેવી દહેશત વ્યકત કરી અરજી ના મંજુર કરવા રજુઆત કરેલ છે.

5. હાલની જામીન અરજી અન્વયે અરજદાર/આરોપીના વિ.વ.શ્રી આર.બી.પરમાર તથા શ્રી સરકાર તરફે વિ.એડી.પીપીશ્રી વી.એન. માઢકની રજુઆતો સાંભળી તથા આ કેસનું રેકર્ડ વંચાણે લીધુ.

6. આ કામના અરજદાર/આરોપીના વિ.વ.શ્રી ની મુખ્યત્વે અરજીમાં જણાવેલ હકિકતો મુજબની રજુઆત કરેલ છે અને જણાવેલ છે કે અગાઉ આરોપીના આગોતરા જામીન મંજુર થયેલ છે, તેની કોઈ શરતો નો ભંગ કરેલ નથી, ગુજરાત રાજયની હદ છોડેલ નથી, દિકરો બહારના દેશમાં ભણે છે જેમાં વાલી તરીકે મીટીંગમાં હાજર રહેવુ જરુરી છે અને દિકરાનો સન્માન સમારોહ હોય વિદેશ જવા માંગે છે. નામ. કોર્ટ ફરમાવશે તે તમામ શરતોનો પાલન કરવા તૈયાર છે. જેથી

આરોપીની અરજી મંજુર કરવા રજુઆત કરેલ છે.

7. શ્રી સરકાર તરફે વિ.એડી.પીપીશ્રી માઢકે મુખ્યત્વે આ કામે ત.ક. અધિકારીએ રજુ કરેલ સોગંદનામાની હકિકતને ધ્યાને લઈ અરજી રદ કરવા જણાવેલ છે અને દલીલ કરેલ છે કે સદર કામ ચાર્જ પર પેન્ડીંગ છે આ સંજોગોમાં કામગીરી વિલંબીત થાય તેમ છે. વળી, આરોપી વિદેશ ભાગી જાય તેવી શકયતાને ધ્યાને લઈને પોલીસ અભીપ્રાયની વિગતે અરજી નામંજુર કરવા રજુઆત કરેલ છે.

8. પક્ષકારો તરફેની ઉપરોકત રજુઆત સાથે રેકર્ડ પરની હકીકતને ધ્યાને લેવામાં આવે તોઆ કામના આરોપી સામે ઈ.પી.કો.ની કલમ ૩૦૬,૧૧૪ મુજબના ગંભીર ગુનાનો આરોપ છે, સદર ગુનાના કામે હજુ સુધી ચાર્જ ફ્રેમ થયેલ નથી. આ સંજોગોમાં આરોપીને ગુજરાત રાજયની હદ છોડવાની અને તે રીતે વિદેશ જવાની પરવાનગી આપવામાં આવે તો તેનાથી મુળ સેશન્સ કેસની કાર્યવાહી વિલંબીત થવાની શકયતા જણાઈ આવે છે. સદર સેશનસ કેસનો કેસ નં. ૧૫/૨૦૨૩ નુ કામ આજરોજ જ બોર્ડ પર છે. જેમાં આજરોજ આરોપી તરફે ચાર્જ ની સુનાવણી ન કરતા મુદત અરજીની માંગણી કરવામાં આવેલ છે. આમ, આટલા જુના કેસમાં હજુ આરોપી તરફે ચાર્જ ની સુનાવણી કરવામાં આવતી નથી અને એક યા બીજા કારણોસર કામગીરી વિલંબીત કરવામાં આવી રહેલ છે. આરોપી પક્ષની રજુઆત મુજબ આરોપીઓ ધ્વારા નામ.ગુજરાત હાઈકોર્ટમા કવોશીગ પીટીશન કરવામાં આવેલ છે. આરોપી તરફે આજરોજ રજુ રાખેલ સોગંદનામા મુજબ નામ. ગુજરાત હાઈકોર્ટ ધ્વારા કવોશીગ પીટીશન ના કામે જયારે કોઈ સ્ટે આપેલ નથી ત્યારે કામગીરી આગળ ચાલે તે ન્યાયના હિતમાં છે. આ તબકકે આરોપી ની અરજી મુજબ ૪ માસ સુધી તેઓને પરદેશ જવાની પરવાનગી આપવામાં આવે તો તે સંજોગોમાં હજુ બીજા ૪ માસ સુધી આરોપી સામે ચાર્જ પણ ફ્રેમ થઈ શકે નહી. આ સંજોગોમાં કામ વિલંબીત થાય તે ન્યાયીક જણાયુ નથી.

9. વળી, આરોપી જણાવે છે કે પરદેશમાં તેમના પુત્ર જયા અભ્યાસ કરે છે તે યુનીવર્સીટીની મીટીગમાં વાલીઓનુ હાજર રહેવુ ફરજીયાત છે. પરંતુ, આ બાબતમાં કોઈ પ્રથમ દર્શનીય પુરાવા અરજી સાથે રજુ નથી. સદર યુનીવર્સીટી ધ્વારા વાલીઓની અનિવાર્ય હાજરી હોવાનુ કોઈ પત્ર કે નોટીસ મુકેલ હોવાનો કોઈ પુરાવો આ કામે રજુ નથી. વળી, આરોપી સિવાય તેમના પુત્ર ના વાલી તરીકે હાજર રહી શકે તેવી અન્ય કોઈ વ્યકિત ન હોવાની આરોપી તરફે રજુઆત નથી. તે સંજોગોમાં આ કારણોસર અરજી મંજુર કરવા યોગ્ય જણાતુ નથી.

10. વધુમાં આરોપી તરફે એવી પણ રજુઆત કરેલ છે કે પરદેશ ખાતે યુનીવર્સીટીમાં તેમના પુત્રનુ સન્માન સમારોહ છે. જેમાં વાલીઓનુ હાજર રહેવુ જરુરી છે. પરંતુ, આવા

કોઈ સન્માન સમારોહ હોવાનો કે તે સમયે વાલીઓની હાજરી જરુરી હોવાનો કોઈ પુરાવો આરોપી તરફે રજુ નથી.

11. એટલુ જ નહી પરદેશમાં યુનીવર્સીટીમાં કઈ તારીખે વાલી મીટીંગ છે કઈ તારીખે સન્માન સમારોહ છે. તેની પણ કોઈ સ્પષ્ટતા કે પુરાવો અરજદાર/આરોપી તરફે રજુ નથી.તેવી જ રીતે આરોપી જણાવે છે તેમ ૪ માસ જેટલા લાંબા સમય માટે તેઓની પરદેશ ખાતે હાજરી અનિવાર્ય હોવાનો પણ પ્રથમ દર્શનીય પુરાવો નથી કે તેવુ માનવા માટે આ અદાલત પાસે કારણ કે આધાર નથી.

12. સામન્યતઃ ચાર્જ ફ્રેમ થઈ ચુકેલ હોય અને આરોપી તરફે ઓળખની તકરાર ન હોય તો તેવા સંજોગોમાં જે તે કેસની હકીકત અને સંજોગોને ધ્યાને લેતા તથા આરોપી અન્નેની અદાલતની હકુમતમાં નિયત સમય મર્યાદામાં પરત ફરશે તેવી શકયતા જણાઈ તો આરોપીના સ્વતંત્રતાના અધિકારને નિયત્રીત કરવો જોઈએ નહી. પરંતુ, પ્રસ્તુત કેસમાં જયારે ચાર્જ ફ્રેમ થયેલ નથી, કેસ જુનો છે, ચાર્જ ફ્રેમની સુનાવણી પણ પુર્ણ થયેલ નથી, તે સંજોગોમાં ગુજરાત રાજયની હદ છોડવાની શરત નં. ૩ રદ કરવા અથવા તો ભારત દેશ છોડવા માટે પરવાનગી આપવા યોગ્ય પ્રસ્તૃત કેસ જણાતો નથી. ત્યારે આરોપીની તરફેણમાં પોતાની મનસુફીની સત્તાનો ઉપયોગ કરવા યોગ્ય પ્રસ્તુત કેસ જણાતો ન હોય ન્યાયના હીતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**–:: હુ ક મ ::–**

1. અરજદાર/આરોપીની ફો.પ.અ.નં. ૮૮/૨૦૨૧ ના કામે કોર્ટ પરવાનગી વિના ગુજરાત રાજયની હદ ન છોડવાની જે શરત નં. ૩ લાદવામાં આવેલ છે તે રદ કરવાની વિકલ્પે ગુજરાત રાજય, ભારત દેશની હદ છોડવાની પરવાનગી અરજી આથી નામંજુર કરવામાં આવે છે.

2. ખર્ચ અંગે કોઈ હુકમ નથી.

હુકમ આજ તારીખ ૧૩ મી માહે માર્ચ સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા.૧૩/૦૩/૨૦૨૬.
સ્થળ : વિસાવદર.

**(હેતલકુમાર વિનોદરાય જોષી)**
ચોથા એડીશનલ સેશન્સ જજ,
વિસાવદર.
GJ 00599